# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૧૯/૪૪૮૨૩ તા.૧૫/૧૦/૨૦૧૯

**પરિપત્ર-૯૯૮**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આગામી તા.૨૨/૧૦/૨૦૧૯ અને તા.૨૩/૧૦/૨૦૧૯ ના રોજ આયોજિત બી.એડ્. સેમેસ્ટર-૩ (ન્યુ કોર્સ) ની વાઈવાની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. આ સંદર્ભમાં આપશ્રીને આ અંગેનું જરૂરી સાહિત્ય તા.૧૯/૧૦/૨૦૧૯ ના રોજ સવારે ૧૧:૦૦ થી બપોરના ૦૧:૦૦ કલાક સુધીમાં યુનિવર્સિટી ખાતેથી મેળવી લેવા જરૂરી કાર્યવાહી કરવા આ માટે કોલેજના આચાર્યશ્રીના સહી સિક્કા સાથેનો ઓથોરીટી લેટર લાવવ તેમજ વાઈવાના સંદર્ભમાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવા જણાવવામાં આવે છે.

1. આપની કોલેજમાં વાઈવા માટે યુનિવર્સિટી દ્વારા નિયુક્ત પરીક્ષકોને આપની કક્ષાએથી તા.૧૯/૧૦/૨૦૧૯ ના રોજ નિયુક્તિ અંગેની જાણકારી પૂરી પાડવાની રહેશે.
2. વાઈવાના દિવસે યુનિવર્સિટી દ્વારા પૂરૂં પાડવામાં આવેલ સાહિત્ય પરીક્ષકશ્રીઓને પૂરૂં પાડવાનું રહેશે.
3. પરીક્ષકોની આવશ્યકતા અનુસાર હાજરી પત્રક, વ્યક્તિગત ગુણાંકન પત્રક, એકંદર ગુણાંકન પત્રક, રેમ્યુંરેશન બીલ તથા TA/DA બીલની ઝેરોક્સ કોલેજ કક્ષાએથી પૂરી પાડવાની રહશે.
4. પરીક્ષક દ્વારા આપવામાં આવેલ એકંદર ગુણાંકનપત્રકનું સીલબંધ કવર વાઈવા પૂરા થયાના બીજા દિવસે ફરજિયાતપણે યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું રહેશે.
5. વાઈવાના દિવસે તમામ વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ કાર્ય અંગેનું તમામ સાહિત્ય, લેખિત પરીક્ષાની હોલ ટીકીટ અને કોલેજનું આઈ.કાર્ડ. સાથે રાખવા જરૂરી હોય તે માટે આપની કક્ષાએથી સુચના આપવી.

પરીક્ષા નિયામક<br>
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,<br>
ગોધરા.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત તમામ પરીક્ષકશ્રીઓ તરફ જાણ સારૂં.